# દીપડાની ત્રાડથી ગ્રામજનોમાં ફફડાટ

## રાત્રી પહેરો કરવા મજબુર : રેસ્ક્યુ ટીમ દીપડો વિહાર કરી ગયો હોવાનું જણાવી રવાના, દીપડાના પગલાં દેખાયા

બાયડ, તા. ૨૧

બાયડના ગાબટ ગામે દીપડાની દહેશતથી ગ્રામજનોમાં ખૌફ જોવા મળી રહ્યો છે. ગામમાં સરકારી દવાખાના નજીક રહેણાંક વિસ્તારમાં દીપડો ઘૂસી આવી દિનેશભાઈ દલાભાઈ નામના વ્યક્તી પર હુમલો કરતા ભારે દેકારો મચી ગયો હતો. આ ઘટનાના પગલે દીપડાને પાંજરે પુરવા રાજ્યની ગાંધીનગર, આણંદ, સાબરકાંઠા, ગીર, અરવલ્લી જિલ્લાની નિષ્ણતોની ટીમ તૈનાત કરી દીધી હતી. દીપડાને પાંજરે પુરવામાં નિષ્ફળ રહેલી ટિમો વનવિભાગે દીપડો વિહાર કરી ગયો હોવાનું જણાવતા તમામ ટિમો પરત ફરી છે, બીજ બાજુ સોમવારે સવારે દીપડાના પંજાના નિશાન જોવા મળતા અને દીપડો કૂતરાને ખેંચી ગયો હોવાની વાત વાયુ વેગે પ્રસરતા લોકોમાં



ભય યથાવત જોવા મળી રહ્યો છે. હાલ ઘટનાસ્થળે ૫ જેટલા વનવિભાગના કર્મચારીઓ સ્થળ પર હાજર છે બીજી બાજુ ગામલોકોએ દીપડાને શોધવા જાતે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું છે.

ગાબટ ગામે માનવ પર ખૂંખાર દીપડાના જીવલેણ હુમલાને ત્રણ દિવસ કરતા વધુ સમય થવા આવ્યો છતાં પાંજરે પુરવામાં



ટિમો હાંફી ગઈ છે અને સ્થાનીક વનવિભાગ તંત્રના ભરોશે રેસ્ક્યુ ઓપરેશન છોડી દેવામાં આવ્યું હોય તેવું લોકોએ જણાવ્યું હતું. આ અંગે આરએફઓ મધુ ખાંટનો વારંવાર ટેલિફોનિક સંપર્ક કરવા છતાં ફોન ઉપડવાની તસ્દી લીધી ન હતી.

દીપડો વનવિભાગની ટીમને ચકમો આપીને અન્યત્ર પલાયન થઈ ગયો હોવાનું વનવિભાગ દ્વારા જાણવા મળ્યું છે. જો કે વનવિભાગની ટીમ ચોકી પહેરો કરી રહ્યો છે બીજી બાજુ ગ્રામજનોમાં દીપડાનો ખોફ યથાવત જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ તંત્રના સહારે બેસી રહેવાના બદલે જે ઝાડી ઝાંખરામાં દીપડો છુપાયો હતો તે સ્થળોએ જેસીબી મશીનથી સાફસફાઈની કામગીરી હાથ ધરી છે. તંત્ર દ્વારા આસપાસના વિસ્તારોમાં સાફસફાઈ તેમજ સર્ચ ઓપરેશન ફરીથી હાથ ધરી દીપડાને પાંજરે પુરાવામાં આવેની માંગ કરી રહ્યા છે, હજુ પણ દીપડાની કોઇ જ ચોક્કસ સ્થિતિ જાણી શકાઇ નથી આ વચ્ચે ગ્રામજનોમાં પણ એક દહેશત જોવા મળી રહી છે.




### ડીસામાં ડુંગળીના ભાવ ઘટી જતાં ખેડૂતોને લીલી ડુંગળી ફેંકવાનો વારો

ડીસા માર્કેટયાર્ડમાં લીલી ડુંગળીની બમ્પર આવક નોધાઈ રહી છે. જેથી આવક વધતાં ભાવમાં ઘટાડો નોધાવા પામ્યો છે. જેથી ભાવ ન મળતાં ખેડૂતોને ડુંગળી ફેકવાની નોબત આવી છે. બનાસકાંઠા જીલ્લામાં સૌથી સારી પિયત વ્યવસ્થા ડીસા તાલુકામાં જોવા મળી રહી છે. આથી ખેડૂતો સિઝનલ પાક સિવાય શાકભાજીનું પણ ઉત્પાદન કરે છે. ડીસા શાકભાજી બજારમાં એક મહિના અગાઉ ૨૦ કિલો ડુંગળીનો ભાવ અંદાજીત ૫૦૦ રૂપિયાથી વધુ હતો પરંતુ અચાનક જ બજારમાં ડુંગળીની આવક વધી જતાં ભાવમાં ધરખમ ઘટાડો નોધાયો છે. હાલમાં ૨૦ કિલો ડુંગળીનો ભાવ ૧૦૦ થી ૧૫૦ રૂપિયા મળી રહ્યો છે. જેથી ખેડૂતોને મોટું નુકશાન થતું જોવા મળી રહ્યું છે.

## આખરે વર્ષો બાદ પાલનપુર જજીસ બંગલા રોડ પર તંત્રને ડિવાઈડર લગાવવાનું યાદ આવ્યું..!!

પાલનપુર કોઝી વિસ્તારમાં ટ્રાફિકની ભારે સમસ્યા છે. રોડ પર જ અનઅધિકૃત વાહનો પાર્ક કરી દેવાય છે તેવામાં હવે અહીંના જજીસ બંગ્લા તરફ જવાના રોડ પર તંત્રને ડિવાઈડર લગાવવામાં આવ્યા છે. અહીં ડીવાયડર બનાવ્યા બાદ રસ્તા પર વાહનો પાર્ક કરવાની સમસ્યાથી છુટકારો મળશે.

## રાજકોટ પડવલાની સીમમાં સિંહ જોવા મળતા ગામના લોકોમાં ભયનો માહોલ

રાજકોટ,તા.૨૧

રાજકોટના સરધારમાં સિંહના ધામાના કારણે ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. નોંધનીય છે કે સરધારમાં ૨૫ દિવસથી સિંહના આંટાફેરા વધ્યા છે. પડવલાની સીમમાં સિંહ જોવા મળતા ગામના લોકોમાં ભયનો માહોલ છે. તો બીજી તરફ વન વિભાગની ટીમ સિંહને સતત ટ્રેક કરી રહી છે.

# સરોત્રાની માનસિક દિવ્યાંગ યુવતીને સખી વન સ્ટેપ સેન્ટરમાં ખસેડાઈ

### સારવાર બાદ બાયડ ખાતેના જય અંબે ટ્રસ્ટ ખાતે આશ્રય અપાશે

અમીરગઢ તાલુકાના સરોત્રા ગામની છેલ્લા ૧૬ વર્ષથી માનસિક દિવ્યાંગ ૨૫ વર્ષીય યુવતીને સારવાર અર્થે સખી વન સ્ટેપ સેન્ટર ખાતે ખસેડાઈ હતી. જ્યાંથી તેણીને બાયડ ખાતે જયઅંબે ટ્રસ્ટ બાયડ ખાતે આશ્રય અપાશે.

મહિલા અને બાળ વિકાસ વિભાગના મહિલા શક્તિ કેન્દ્રના પતંજલિબેન પ્રજાપતિના જણાવ્યા મુજબ, અમીરગઢ તાલુકાના સરોત્રા ગામની ૨૫ વર્ષીય અનાથ દીકરી માનસિક રીતે દિવ્યાંગ હોઈ છેલ્લા ૧૬ વર્ષથી ગામમાં ફરતી હતી. જેને ૧૮૧ અભયમ દ્વારા પાલનપુર ખાતે સખી વન સ્ટેપ સેન્ટર ખાતે ખસેડાઈ હતી. જોકે, સખી વન સ્ટેમ્પ સેન્ટરમાં તેને રાખવાનો ઈક્કાર કરાતા જિલ્લા કલેકટર આનંદ પટેલની દરમિયાનગીરીથી તેણીને સખી સેન્ટર માં આશ્રય અપાયો હતો. જયા તેણીનો કોરોનાનો ટેસ્ટ કરાયો હતો.

દરમિયાન, આ અસ્થિર મગજની યુવતીને આશ્રયસ્થાન મળી રહે તે માટે જિલ્લા કલેકટર આનંદ પટેલના પ્રયાસો થકી તેણીને બાયડ ખાતેના જય અંબે ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે મોકલી આપવામાં આવશે.

### સખી સેન્ટરે યુવતીને રાખવાનો કર્યો ઇન્કાર

સરોત્રા ગામની માનસિક રીતે દિવ્યાંગ અનાથ દીકરી ૧૬ વર્ષથી આમતેમ ભટકતી હતી. જેને ૧૮૧ મારફતે સખી વન સ્ટેપ સેન્ટરમાં ખસેડાઈ હતી. જોકે, ફરજ પરના મહિલા અધિકારીએ અસ્થિર મગજની આ યુવતીને આશ્રય આપવાનો નનૈયો ભણી દીધો હતો. જોકે, આ અંગે જિલ્લા કલેકટર આનંદ પટેલનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. બાદમાં કલેકટરની દરમિયાનગીરી બાદ તેણીને સખી વન સ્ટેપ સેન્ટર ખાતે રાખવામાં આવી હતી. જોકે, ૫ યુવતીઓને ૫ દિવસ સુધી સખી વન સ્ટેમ્પ સેન્ટરમાં રાખી શકાતી હોવા છતાં આ યુવતીને રાખવાનો કેમ ઈક્કાર કરાયો તે બાબત ચર્ચાસ્પદ બની છે.

# પપ્પાને બર્થડે વિશ કરવા આવેલી ગર્ભવતી યુવતી પર કન્ટેનર ફરી વળતા કમકમાટીભર્યું મોત

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાંથી પસાર થતા ભારવાહક વાહનચાલકો માટે ટ્રાફિકમાં





નડતરરૂપ ના થાય અને અકસ્માત નિવારણ માટે શહેરની બહાર બાયપાસ રોડ બનાવ્યો છે પરંતુ બાયપાસ રોડ પર શહેરમાં પ્રવેશતા બે મુખ્ય માર્ગ માલપુર રોડ અને મેઘરજ રોડ પસાર થતો હોવાથી વારંવાર અકસ્માતની ઘટનાઓ સર્જાવાની સાથે કેટલાય નિર્દોષ વાહનચાલકો જીવ ઘુમાવવો પડ્યો છે. મોડાસાના નગરજનો દ્વારા વારંવાર જવાબદાર તંત્ર આગળ સર્કલ બનાવવાની માંગ સાથે અનેકવાર રોડ પર ચક્કાજામ કરવામાં આવવા છતાં સર્કલ બનાવવામાં જવાબદાર તંત્રની આડોડાઈના પગલે વારંવાર અકસ્માતમાં અનેક નિર્દોષ વાહનચાલકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

બાલાસિનોરથી કૃપા પાર્થ ભાવસાર તેના પતિ સાથે મોડાસા રહેતા તેના પિતા સુમનભાઈ એમ. ભાવસારનો જન્મ દિવસ હોવાથી દંપતી બર્થડે વિશ કરવા રવિવારે આવ્યું હતું સોમવારે બર્થડેના દિવસે પિતાને બર્થડેની ઉજવણી માટે હોટલમાંથી ફૂડ લઈ એક્ટિવા પર પરત ફરતા સમયે સહયોગ ચોકડી નજીક દંપતીનું એક્ટિવાને ટ્રક-કન્ટેનરે અડફેટે લેતા કૃપા ભાવસાર ટ્રક-કન્ટેનરના ટાયર નીચે આવી જતા કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને ઘટનાસ્થળે જ કૃપા ભાવસાર નામની યુવતીનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા નવ દંપતિ નંદવાયું હતું. યુવતીના પતિને સામાન્ય ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. અકસ્માતની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. ટ્રક-કન્ટેનર ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. કૃપા ભાવસારનું એક વર્ષ અગાઉ બાલાસિનોરના યુવક સાથે લગ્ન થયું હતું લગ્નસંસારના સુખી ભાગરૂપે કૃપાને ચાર મહિનાનો ગર્ભ હોવાની માહતી પ્રાપ્ત થઈ હતી. અકસ્માતની ઘટનાના પગલે ભાવસાર સમાજમાં ભારે શોકની લાગણી છવાઈ હતી. યુવતીના પરિવારજનોએ ભારે રોકકળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી.

સહયોગ બાયપાસ ચોકડી પર અકસ્માતમાં યુવતિનું મોત નિપજતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને સર્કલ બનાવવાની ઉગ્ર માંગ કરી હતી. અકસ્માતની ઘટનાના પગલે પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવતીની લાશને પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# એસ.કે-૨ પાણીની પાઈપલાઈનના વાલ્વ લીકેજથી પાણીનો આકાશી ફૂવારો

### ગાબટ-ઉભરાણ રોડ પર વાલ્વ લીકેજથી લાખ્ખો ગેલન પાણીનો વેડફાટ

અરવલ્લી જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના એક બેડા માટે મહિલાઓ બે થી ત્રણ



કિલોમીટર રઝળપાટ કરે ત્યારે માંડ માંડ પીવાના પાણીનો જુગાડ કરી રહી છે. પાણીની અછતવાળા વિસ્તારોમાં પાણી પહોંચાડવા એસકે-૨ અને ૩ યોજના અને વાસ્મો યોજના અંતર્ગત પાણીની પાઈપલાઈન નાખવામાં આવી છે અને પાઈપલાઈન પર સંપ લગાડવામાં આવ્યા છે. પાણી પુરવઠાની બેદરકારીના પગલે જિલ્લામાં પાણીનો પુરવઠો પૂરો પાડતી પાઈપલાઈનમાં અનેકવાર ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણીનો વ્યય થઈ રહ્યો છે. બીજીબાજુ પાણી વગર અનેક ગામો ઉનાળામાં ટળવળટા જોવા મળે છે. બાયડના ગાબટથી ઉભારણ રોડ પર એસકે-૨ યોજનાની પાઈપલાઈનના વાલ્વમાં લીકેજના પગલે છેક ઉંચે સુધી પાણીનો ફુવારા મારફતે લાખ્ખો લીટર પાણી વેડફાટ થતા લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

ગાબટ-ઉભરાણ રોડ નજીક પસાર થતી વાસ્મો યોજના અંતર્ગત પાણી પૂરું પાડવા માટે નાખવામાં આવેલી પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીની નદીઓ વહી હતી, તદઉપરાંત પાણીની પાઈપ લાઈનમાં સંપમાં લગાવેલ એર વાલ્વ પણ ઠેર ઠેર લીકેજ સર્જાતા પાણીનો વેડફાટ થતા લીકેજ એર વાલ્વ રીપેર કરવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે. લાખ્ખો લીટર પાણીનો વ્યય થતા પાણીની નદીઓ વહેતા પ્રજાજનો અને ખેડૂતોમાં જવાબદાર તંત્ર સામે રોષ ભભૂકી ઉઠ્યો હતો. બીજીબાજુ પાઈપલાઈનના વાલ્વમાં થયેલ લીકેજ અંગે તંત્ર અજાણ હોય તેમ બે ત્રણ દિવસથી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.

# ડીસાના રાણપુર ઉ.વાસના રસ્તા પરના અડચણરૂપ દબાણો હટાવાયા

### સરપંચની સજાગતાથી લોકોમાં આનંદની લાગણી

ડીસા

ડીસા તાલુકાના રાણપુર ઉ.વાસ ગામના જાગૃત સરપંચ દ્વારા ગામના જાહેર રસ્તાઓ પર



અડચણરૂપ થતા દબાણો દુર કરી ગામના રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા હતા. ગામના હનુમાનજી મંદિર જતા રસ્તા પર તેમજ સ્મશાન જવાના રસ્તા પર કરવામાં આવેલ દબાણના કારણે ગામ લોકો દ્વારા સ્મશાને અંતિમ ક્રિયા માટે જતા આવતા ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો ત્યારે સરપંચ દ્વારા તલાટી તથા સભ્યોને સાથે રાખી રસ્તા ઉપરના તમામ દબાણો દૂર કરીને ૧૦ થી ૧૫ ફૂટ જેટલો રસ્તો ખુલ્લો કરાવામાં આવ્યો છે તેમજ ગામની ખરાબાની જમીનની આસપાસ કેટલાક લોકો દ્વારા થુવેરા બાવળો નાખી રસ્તો સાંકડો કરી દેવાતા આ વિસ્તારના લોકોને ખુબજ મુશ્કેલીઓ પડતી હતી ત્યા પણ ગ્રામજનોના સાથ સહકારથી દબાણો દુર કરાયા હતા.નવર્ષો બાદ ગામના રસ્તાઓ પહોળા થતા ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી

રાણપુર ઉ.વાસના સરપંચે જણાવ્યું હતું કે સરકાર તરફ થી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે જેનો ઉપયોગ ગામના નવિન સીસી રોડ તેમજ પ્રોટેક્શન દિવાલ ઉભી કરવામાં માટે વાપરવામા આવશે તેમજ ધારાસભ્ય અને સાંસદ તરફથી જે પણ ગ્રાન્ટ ફાળવાસે તે ગામના વિકાસ માટે વાપરવામાં આવશે તેમજ ગામના રસ્તાઓને અડચણરૂપ દબાણો દૂર કરવામાં ગ્રામજનોનો પુરો સહકાર મળી રહ્યો છે અને એજ સહકાર સાથે રાણપુર ઉગમણાવાસમાં તમામ વિસ્તારમાં નવા રોડ રસ્તાઓ બનાવવાની કામગીરી દરમિયાન મળી રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

## બનાસકાંઠા જિલ્લામાં વધુ ૨૬ કોરોના પોઝીટીવ

### પાલનપુર ૮, થરાદ ૬, વડગામ ૫, વાવ ૩, દાંતા ભાભર ૧-૧, દિયોદર દાંતીવાડા-૧-૧

બનાસકાંઠા જિલ્લામાં સોમવારે વધુ ૨૬ લોકો કોરોનામાં સંક્રમિત થયા છે જેમાં પાલનપુર ૮, થરાદ ૬, વડગામ ૫,વાવ ૩,દાંતા ભાભર ૧-૧,દિયોદર દાંતીવાડા-૧-૧કેસ નોંધાયા છે.જેમાં જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓમાં એન્ટીજન રેપિડ દ્વારા ૭૩૫ સેમ્પલ લેવામાં આવ્યા હતા જે પૈકી ૦૧ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ડીસાની ગાંધી લિંકન હોસ્પિટલમાં ૯૫ સેમ્પલ પૈકી ૧૦ કોરોના પોઝીટીવ કેશ સામે આવ્યા હતા અને બનાસ મેડિકલ કોલજમાં ૧૧૧ સેમ્પલ લેતા ૧૧ પોઝીટીવ કેશ નોંધાયા હતા જ્યારે પાલનપુરની પ્રાઈવેટ લેબોરેટરી માંથી લેવાયેલા ૧૦ સેમ્પલ પૈકી ૦૪ પોઝિટિવ આવ્યા છે આમ જિલ્લાના ૯૫૧ સેમ્પલ પૈકી ૨૬ દર્દીઓના રીપોર્ટ પોઝિટિવ સામે આવ્યા છે.

## પંચાલ યુવા સંગઠને વિશ્વકર્મા જયંતી નિમેત્તે રજા જાહેર કરવાની માંગ

અરવલ્લી કલેકટરને આવેદનપત્ર, નાના-મોટા ઉદ્યોગોથી જોડાયેલ લોકો પૂજા અર્ચનાથી વંચિત રહે છે

ગુજરાત પંચાલ યુવા સંગઠન અને સમાજના અગ્રણીઓ દ્વારા ભગવાન વિશ્વકર્મા જયંતી નિમિત્તે જાહેર રજા રાખવા જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. અરવલ્લી પંચાલ યુવા સંગઠન દ્વારા સોમવારે જીલ્લા કલેક્ટરને આવેદન આપી માંગ કરી હતી કે વાસ્તુકલના દેવ ભગવાન વિશ્વકર્માની જયંતિ મહા સુદ તેરસના દિવસે ભગવાનની પૂજા અર્ચના કરાય છે. જેમાં સુથાર, પંચાલ, લુહાર, કડિયા, સોની વિગેરે સમાજના લોકો જોડાય છે. પણ આ દિવસે જાહેર રજા ના હોઈ સરકારી, બેંકિંગ, કારખાના અને નાનાં મોટા ઉદ્યોગોથી જોડાયેલ લોકો પૂજા અર્ચનાથી વંચિત રહી જાય છે તો વિશ્વકર્મા જયંતિમાં વધુ લોકો જોડાઈ શકે તે માટે ગુજરાત સરકાર વિશ્વકર્મા જયંતિએ જાહેર રજાનું સત્વરે અમલીકરણ કરે તેવી માંગ કરાઈ હતી.

અરવલ્લી જીલ્લા યુવા સંગઠનના જીગ્નેશ પંચાલ, અનીલ પંચાલ અને તેમની ટીમે મોટી સંખ્યામાં જીલ્લા સેવાસદનમાં પહોંચી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું ગુજરાત સરકાર દ્વારા વિશ્વકર્મા જ્યંતી નિમિત્ત રજા જાહેર કરેની માંગ કરી હતી જેથી દેશના નિર્માણમાં મહત્વની કામગીરી કરતા લોકો ભગવાન વિશ્વકર્માની પુજા અર્ચનામાં ભાગ લઈ શકે તેમ જણાવ્યું હતું.

# દાંતીવાડાના કોટડામાં દોહવાના મશીનના કરંટથી ૧૧ ગાયોના મોત

### બનાસ ડેરીની ટીમ દોડી આવી : જીવદયાપ્રેમીઓમાં શોક

દાંતીવાડા, તા. ૨૧

દાંતીવાડા પંથકમાં દૂધ દોહવાના મશીનમાં કરંટ લાગતાં એકસાથે ૧૧ ગાયોના મોત થતાં હાહાકાર મચી ગયો છે. સવારે કોટડા ભાખર ગામમાં ખેડૂતની એકસાથે ૧૧ ગાયોનું મોત થયુ હોવાની ઘટના સામે આવી છે. જેમાં દૂધ દોહવાના મશીનમાં કરંટ લાગવાથી એક પછી એક ૧૧ ગાયના મોત થતાં બનાસ ડેરીની ટીમ, જીઈબી, પોલીસ અને મશીન કંપનીના અધિકારીઓ ગામમાં દોડી આવ્યા હતા.

બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા તાલુકાના કોટડા ભાખર ગામે આજે એકસાથે ૧૧ ગાયોના મોત થયા છે. ગામના પશુપાલક રામસુંગભાઈએ ગાયોને દોહવા માટે મશીનનો ઉપયોગ કરે છે. આ દરમ્યાન આજે અચાનક મશીનમાંથી કરંટ લાગતાં ૧૧ ગાયોના મોત થતાં હડકંપ મચી ગયો છે. ઘટના બાદ પશુપાલકે કંપની સામે ગંભીર આક્ષેપ કર્યા હતા. તેમણે કહ્યું હતુ કે, કંપનીના મશીનની બોડી શોર્ટ સર્કીટ થતાં



આ ઘટના બની છે.

૧૫ લાખની કિંમતની દુધાળી ગાયોના મોતથી પશુપાલકને મોટું નુકશાન થયુ છે. પશુપાલકે કંપની સામે કાર્યવાહીની માંગ કરી ગંભીર આક્ષેપો કર્યા છે. સ્થાનિક ચર્ચા મુજબ મશીનમાં શોર્ટ સર્કિટ થતાં કરંટ લાગ્યો હોવાનું સામે આવતા બનાસ ડેરીની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. આ તરફ કરંટથી ૧૧ ગાયોના મોતની વાત વાયુવેગે પંથકમાં ફેલાઈ જતાં જીવદયાપ્રેમીઓ શોકનો માહોલ વ્યાપી ગયો છે.

# એસએફઆઈ દ્વારા ખેડૂત આંદોલનમાં મૃત્યુ પામેલા ખેડૂતોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

જિલ્લામાં કાર્યરત સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા દિલ્હી ખાતે ચાલી રહેલા આંદોલન માં મૃત્યુ પામેલા ખેડૂતો ને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રવિવાર ની સાંજે મોડાસા ખાતે યોજવામાં આવ્યો હતો . જેમાં સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને સી.પી.એમ ના કાર્યકર્તાઓ જોડાયા હતા. સી.પી.એમની વિદ્યાર્થી પાંખ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના કાર્યકર્તાઓ દ્વારા દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં મૃત્યુ પામેલા ખેડૂતોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મોડાસા ટાઉન હોલ ખાતે સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના કાર્યકર્તાઓ દ્વારા પ્રથમ કેન્ડલ માર્ચ યોજી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ ખેડૂત આંદોલનના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના માનસી રાવળ, હેપી પટેલ, સચિન થોરી, કવન પંડ્યા અને વિદ્યાર્થીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરી ખેડૂતો સાથે એકજુટતા દર્શાવી હતી.